પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૧ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૨ | ૩ ડિસેમ્બર, ૨૦૧૬, શનિવાર ; માગશર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# વ્યાજદર ઘટાડવા માટે તખ્તો તૈયાર

## લોન સસ્તી થશે : ૯મી ડિસેમ્બરના દિવસે યોજાનારી બેઠકમાં નિર્ણય થઇ શકે : લોન લેવાની રાહ જોઈ રહેલા લોકોને મોટી રાહત મળી શકે છે : કેશ રિઝર્વ રેશિયોમાં વધારાને પરત લેવામાં આવશે : બેઠક પર તમામની નજર



મુંબઇ,તા. ૨

લોન લેવા માટે ઈચ્છુક રહેલા લોકો માટે સારા સમાચાર છે. કારણ કે રીઝર્વ બેંક આગામી સપ્તાહમાં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. હાલમાં આ પાસા પર ચર્ચા કરવામાં આવી રહી છે. સામાન્ય લોકો અને નિષ્ણાંતો પણ માની રહ્યા છે કે ઈકોનોમિક ગ્રાથ ઓચી થયા બાદ અને ડિપોઝિટ વધી ગયા બાદ વ્યાજદરમાં ઘટાડો ચોક્કસ પણે કરવામાં આવનાર છે. ૨૬મી નવેમ્બરના દિવસે આરબીઆઇએ બેંકોને ૧૬ સપ્ટેમ્બરથી ૧૧ નવેમ્બર વચ્ચેના ગાળામાં તમામ ઈન્ક્રીમેન્ટલ ડિપોઝિટ પોતાની પાસે જમા કરવા માટે સુચના આપી હતી. નોટબંધીના નિર્ણય બાદ બેંકિંગ સ્ટિસ્ટમમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસ કરવામા આવી રહ્યા છે. નોટબંધીના નિર્ણય બાદબેકિંગ સિસ્ટમમાં કેશ ખુબ વધારે પ્રમાણમાં છે. જેને ઘટાડી દેવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો હતો. રીઝર્વ બેંક વ્યાજદર પર નિર્ણય નવમી ડિસેમ્બરના દિવસે કરી શકે છે. આ દિવસે અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. ઈકોનોમી માટે જે ખરાબ સમાચાર છે તે માર્કેટ માટે સારા સમાચાર તરીકે છે. સીઆરઆફ વધી ગયા બાદ ગયા શનિવારના દિવસે બોન્ડની કિંમતમાં જે ઘટાડો થયો હતો તે પટેલના નિવેદન બાદ ખતમ થઇ ગયો હતો. જાણકાર નિષ્ણાંતો માને છે કે સીઆરઆરમાં વધારો થયા બાદ વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે તેને યોગ્ય ગણવામાં આવે તે જરૂરી છે. બેંક ઓફ અમેરિકા મેરિલ લિન્ચે નાણાંકીય વર્ષ ૨૦૧૭ માટે જીડીપી ગ્રોથ માટે અંદાજ અડધા ટકા સુધી ઘટાડીને ૬.૯ ટકા સુધી કરવાનો નિર્ણય કર્યો છે. તે સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૭ સુધી વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવાની અપેક્ષા રાખે છે. નવમી ડિસેમ્બરના દિવસે મળનારી બેઠકમાં વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.' મોટા ભાગના અર્થશાસ્ત્રી માની રહ્યા છે કે આગામી સપ્તાહની મોનિટરી પોલીસીની બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવનર છે. બેંક ઓફ અમેરિકા મેરિલ લિંચમાં ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ ઇંદ્રનીલ સેનગુપ્તાએ કહ્યું હતું કે, સીઆરઆર વધી ગયા બાદ રેટ ઘટાડવાને લઈને ચર્ચા ચાલી રહી છે. કારણ કે કેશ રિઝર્વ રેશિયોમાં વધારાને પરત લેવામાં આવશે. અર્થતંત્ર હાલમાં સ્થિર થઇ ગયું છે જેથી રેટમાં ઘટાડાની અપેક્ષા રાખી શકાય છે. આ પહેલા ડિસેમ્બરમાં વ્યાજદરને લઈને ઘટાડાની અપેક્ષા કરી રહ્યા હતા.


● અનુસંધાન પાન-૭ પર


## આપના નેતા ભગવત માન ૯મી સુધી સંસદમાં ઉપસ્થિત રહી શકશે નહીં

નવી દિલ્હી,તા. ૨

લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને આજે જાહેરાત કરી હતી કે, આમ આદમી પાર્ટીના નેતા ભગવત માન ૯મી ડિસેમ્બર સુધી ગૃહની કાર્યવાહીમાં ઉપસ્થિત રહી શકશે નહીં. લોકસભાના અધ્યક્ષે સજાની જાહેરાતના સંદર્ભમાં આ વાત કરી હતી.

# હજુ રોકડ માટે લાઈનો યથાવત

## બેંકો અને એટીએમ પર લાઇન : સ્થિતીને સુધારવા માટે આરબીઆઇ, સરકાર અને અન્યો દ્વારા તમામ પ્રયાસો પરંતુ માગ વધારે હોવાથી પરેશાની

નવી દિલ્હી,તા. ૨

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ સ્થિતીને સામાન્ય બનાવવાના તમામ પ્રયાસો છતાં સ્થિતી હજુ બેકાબુ બનેલી છે. એટીએમ અને બેંકોમાં લાંબી લાઈનો યથાવત જોવા મળી રહી છે. સામાન્ય લોકો માને છે કે જો એટીએમમાંથી પૈસા ઉપાડી લેવાની પ્રક્રિયા સામાન્ય બની જશે તો સ્થિતી હળવી થઇ જશે. જો કે આ સમગ્ર પ્રક્રિયામાં હજુ સમય લાગી શકે છે. આરબીઆઇ, સરકાર અને અન્યો દ્વારા તમામ પ્રયાસો સ્થિતીને સામાન્ય બનાવવા યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યા છે પરંતુ તકલીફ અકબંધ રહી છે. નોટબંધી બાદ પગારના દિવસોમાં બેંકો પર ધસારો જોવા મળી રહ્યો છે. પગાર બેંકોમાં જમા થયા બાદ કર્મચારીઓમાં પણ ઉપાડને લઈને બેંકોમાં આજે બીજા દિવસે જટિલ સ્થિતી સર્જાઇ હતી. સવારથી જ પૈસા ઉપાડી લેવા માટે લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. રોકડ કટોકટીની સમસ્યા પહેલાથી જોવા મળી રહી છે ત્યારે આજથી કેટલાક દિવસ સુધી બેંકો સામે નવા પડકારો ઉભા થાય તેવા સંકેત દેખાઇ રહ્યા છે.


● અનુસંધાન પાન-૭ પર




## ૧.૯૬ લાખ એટીએમ રિકેલિબ્રેટેડ કરાયા

### એટીએમને વ્યવસ્થિત કરવાનું ૯૨ ટકા કામ પૂર્ણ : એટીએમમાં ૨૦૦૦ તેમજ ૫૦૦ની નોટ મુકવા નવી નોટનો જથ્થો ઓછો હોવાથી હજુય સ્થિતિ સામાન્ય બનતી નથી

નવીદિલ્હી,તા. ૨

કેન્દ્ર સરકારે ખાતરી આપતા કહ્યું છે કે, દેશભરમાં ૨.૧૦ લાખ એટીએમ પૈકીના ૧.૯૬ લાખ એટીએમ રિકેલિબ્રેટેડ કરી દેવામાં આવ્યા છે. આનો મતલબ એ થયો કે, આ તમામ એટીએમમાં રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૨૦૦૦ની નવી નોટ મુકવા માટેની વ્યવસ્થા કરી દેવામાં આવી છે પરંતુ પુરતા પ્રમાણમાં નવી નોટ ઉપલબ્ધ નહીં હોવાના કારણે આ એટીએમો હજુ નિષ્ક્રિય દેખાઈ રહ્યા છે પરંતુ નવી નોટનો જથ્થો બજારમાં આવી ગયા બાદ આ તમામ એટીએમ ફરી કાર્ય કરતા થઈ જશે.

કેન્દ્ર સરકારે કહ્યું છે કે, આરબીઆઈ અને કરન્સી ચેસ્ટમાં જુદા જુદા પ્રકારની નોટનો જથ્થો ઉપલબ્ધ રહે છે. જણાવવામાં આવ્યું છે કે, નવી ૫૦૦ અને ૨૦૦૦ની નોટ છાપવાની કામગીરી નોટબંધી પહેલા જ હાથ ધરવામાં આવી હતી.

## રાજૌરીમાં પાકનો ફરીથી ગોળીબાર

નવી દિલ્હી,તા. ૧

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ભારતીય સેના દ્વારા સર્જીકલ સ્ટ્રાઇક કરવામાં આવ્યા બાદથી બીએસએફના જવાનો અને અન્ય સુરક્ષા જવાનોને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેના દ્વારા તથા આતંકવાદીઓ દ્વારા વારંવાર હુમલા કરવામાં આવી રહ્યા છે પરંતુ ભારતીય સેના દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. રાજૌરી જિલ્લામાં આજે કરવામાં આવેલા હુમલામાં બીએસએફના એક જવાનને ઇજા થઇ હતી.










## ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી.

GSC BANK (APEX BANK)

(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

"સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન"
શાસ્ત્રીનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

સહકારી બેંકના સુજ્ઞ સભાસદો / ખાતેદાર મિત્રો

દેશમાં તેમજ ગુજરાતમાં બેન્કીંગ લાયસન્સ ધરાવતી ૩ પ્રકારની સહકારી બેંકો (૧) સ્ટેટ કો-ઓપ. બેંક (૨) જીલ્લા સહકારી બેંક્સ્ (૩) અર્બન કો-ઓપ. બેંક્સ્ કાર્યરત છે, તમામ પ્રકારની બેંકોને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી લાયસન્સ ઈસ્યુ કરેલ છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/-ની નોટ રદ્ કરવાનો નિર્ણય કર્યો છે, તેમાં સ્ટેટ કો-ઓપ. બેંક તેમજ અર્બન કો-ઓપ. બેંકોને રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/-ની નોટ ખાતામાં ભરવાની મંજૂરી મળેલ છે. જ્યારે જીલ્લા સહકારી બેંકોને રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/-ની નોટ બેંકના ખાતેદારોને તેમના ખાતામાં પણ ન સ્વીકારવી તેવો પરિપત્ર ઈસ્યુ કરવામાં આવેલ છે. આ સરક્યુલર મુજબ દેશભરની ૩૭૦ જીલ્લા બેંકની ૧૩૯૫૦ જેટલી શાખાઓમાં આની અમલવારી થઈ છે. જેથી જીલ્લા સહકારી બેંકો સાથે જોડાયેલ ખાતેદારોને તકલીફ પડી રહી છે, તે માટે અમો ખૂબ જ દિલગીર છીએ. રાજકીય પક્ષોએ પણ કરોડો ખેડૂતોના અને ગ્રાહકોના હિતમાં ખોટી અફવાઓ તેમજ અપ્રચાર ન કરવા તેમજ દેશમાં જ્યારે સહકારી ક્ષેત્ર સ્વતંત્ર રીતે પારદર્શક વહીવટથી કામગીરી કરી રહ્યુ હોય ત્યારે સંપૂર્ણપણે મદદ કરવા અમારી નમ્ર અરજ છે. જ્યારે RBI ની સૂચના મુજબ દરેક પ્રકારની સહકારી બેંકોમાં CBS પ્લેટફોર્મથી RTGS, NEFT, ATM, ક્લીયરીંગ સહિત તમામ પ્રકારની સેવાઓનું કામકાજ થઈ રહ્યું છે, સાથે સાથે બધી બેંકો પાસે કરન્સી કાઉન્ટીંગ તેમજ ફેક કરન્સી ડીટેક્ટીંગ મશીનો પણ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, તમામ પ્રકારની સહકારી બેંકો CBS પ્રોગ્રામ હેઠળ કાર્યરત છે તેમજ **આ CBS પ્રોગ્રામમાં નોટોના વ્યવહારોની સમય સાથે નોંધણી કરવામાં આવે છે તેમજ RBI ની સૂચના અનુસાર દરેક બેંકોએ તેના રોજના લેવડ-દેવડની વિગતો RBI એ સૂચિત કરેલ પ્રફોર્મામાં મોકલવાની હોય છે** જે દરેક બેંકો દ્વારા મોકલવામાં આવેલ છે, જેથી કોઈ ગેરરીતિ થવાની શક્યતા રહેતી નથી તથા દરેક બેંકમાં CCTV કેમેરા RBIની ગાઈડ લાઈન પ્રમાણે મુકવામાં આવેલા છે અને તેનું રેકોર્ડીંગ રાખવાની સૂચના પણ RBI દ્વારા આપવામાં આવેલ હોઈ દરેક બેંકો સૂચનાનું ચુસ્તપણે પાલન કરી રહી છે. જેથી કોઈપણ જગ્યાએ કોઈપણ તબક્કે ગેરરીતિને અવકાશ રહેતો નથી. RBI તરફથી જીલ્લા બેંકોને SBN ડીપોઝીટ ન લેવાની મળેલ સૂચનાને કારણે અમો આપને રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/- ની નોટો ડીપોઝીટ કરી આપવા અસમર્થ છીએ. જેથી આપને પડી રહેલ મુશ્કેલીઓ અને અન્ય બેંકોની જેમ છૂટ આપવા અંગે RBI ને ભાર પૂર્વક રજુઆત કરેલ છે. જેનો નજીકના ભવિષ્યમાં સુખદ્ ઉકેલ આવનાર હોઈ આપને જીલ્લા બેંકો દ્વારા ફરીથી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે જીલ્લા બેંકોના વહીવટકર્તાઓ ચિંતિત છે. આપને જે તકલીફો પડી રહી છે તે બદલ અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

અર્બન એટલે કે શહેરી સહકારી બેંકો અન્ય બેંકોની જેમ તમામ બેન્કીંગ સેવાઓ પુરી પાડે છે. તદઉપરાંત રૂા. ૫૦૦/- અને રૂા. ૧૦૦૦/- ની રદ થયેલી નોટો ખાતામાં સ્વીકારવાની તથા ખાતામાં રહેલ રકમ ચૂકવવાનું તમામ પ્રકારનું કામકાજ કરી રહી છે.

આ સંદર્ભે તમામ સહકારી બેંકો તેમને કરન્સી ચેસ્ટમાંથી જે પ્રમાણમાં નવી નોટો મળશે, તે પ્રમાણે ગ્રાહકોને સુવિધા આપે તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવેલ છે. સહકારી બેંકોના ગ્રાહકોને સાથ સહકાર આપવા વિનંતી.

રાષ્ટ્રિય અર્થતંત્રના દુરોગામી કલ્યાણ માટેની આ યોજનાના સફળ અને સરળ કાર્યાન્વય પર આની સફળતા આધારીત છે. તેને સફળ બનાવવા આપણે ઓછુ વત્તું કષ્ટ ભોગવીને પણ આ યોજનાને સફળ બનાવવામાં આપણુ યોગદાન આપી આ રાષ્ટ્રયજ્ઞમાં આપણી સકારાત્મક ભૂમિકા ભજવીએ.

આપ સૌએ અમોને ખૂબ જ સાથ સહકાર આપેલ છે, બેંક સાથે સંકળાયેલ તમામ ખાતેદારોને ઉત્તમ સુવિધા પુરી પાડવા માટે બેંકના મેનેજમેન્ટ દ્વારા ઉચ્ચસ્તરે સમીક્ષા હાથ ધરવામાં આવે છે તેમજ આપને ઉત્તમ સેવાઓ પૂરી પાડવા માટેના પ્રયત્નો બેંકના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. હાલમાં ઉભી થયેલ પરિસ્થિતિમાં ટુંક સમયમાં સુધારો થનાર છે, જેથી ખોટી અફવાઓથી આપ વિચલિત થશો નહિં. અમારામાં આપે જે વિશ્વાસ મૂક્યો છે તે બરકરાર રાખશો. અમો હંમેશા આપની તકલીફોના ઉકેલ માટે ચિંતિત છીએ. અમારામાં આપનો વિશ્વાસ એ જ અમારી મૂડી છે.

પ્રદિપ એમ. વોરા
ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર



